Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN : 2321- 4708
July 2019, Year - 3 (39)
Paper ID : RRJ000047

# "માછીભાભો અને મહેરામણ" : અવિરત સંઘર્ષની શાશ્વત કથા સંશોધક

ડૉ. સમીર ભટ્ટ
ગુજરાતી વિભાગ,

---

(૧)

દરિયાકિનારે આવેલા એક નાનકડાં ગામમાં એક ઘરડો,ગરીબ માછીમાર રહે.તેનું નામ સેંટિયાગો. સ્પેનિશ ભાષામાં જેને "salao' – જેનો ગુજરાતી અર્થ સાવ મુફલિસ ,જેનું નસીબ અવળું જ ચાલે તેવી વ્યક્તિ - કહીએ તેવો વ્યક્તિ આ સેંટિયાગો છે. છેલ્લા ૮૪ દિવસોથી તેને દરિયાઈ ખેપમાં માછલી મળી નથી. પોતાની નાનકડી બોટમાં તે દરિયાઈ ખેપ કરે છે. એક છોકરો મેનોલીન તેનો સાથીદાર છે. મેનોલીન તેની વાત અહોભાવથી સાંભળે, સાથે દરિયામાં જાય,તેને માન આપે,તેની સેવા કરે. 'ટેટ્રેસ' નામના પબમાથી તેના માટે કોફી-બિયર લાવી આપે. તે પબનો માલિક માર્ટિન પણ ભલો માણસ છે. તે સેંટિયાગો પ્રત્યે લાગણી ધરાવે.તે ક્યારેક બધુ ફીમાં આપે. સેંટિયાગો પ્રત્યે લાગણી ધરાવતા હોય તેવા બીજા બે વૃધ્ધ માછીમારો પેરિક્કો અને પેડ્રીકો. બીજાં જુવાન માછીમારો જ્યારે સેંટિયાગોની મજાક ઉડાવતા હોય ત્યારે આ બંને તેને આશ્વાસન આપતા રહે.

સેંટિયાગો જ્યાં વસે છે ત્યાં બીજાં ઘણા માછીમારો છે. આ માછીમારો બે જૂથમાં વહેચાયેલા છે. એક જુથ દરિયાને પ્રતિસ્પર્ધી માને છે.દરિયાને હંફાવવા મથનારા છે. ડીઝલબોટ લઈ સ્પીડથી દરિયાઈ ખેપ કરે. આ જુથ માટે માછીમારી માત્ર પૈસા કમાવાનો ધંધો છે. બીજું જુથ દરિયા સાથે વિશિષ્ટ સંબંધે જોડાયેલું છે. તેઓને માટે દરિયો પ્રતિસ્પર્ધી નથી. તેઓ તેને હરાવવા કે હંફાવવા નથી માગતા. તેઓ કુદરતના ચક્રમાં માને છે. પોતાના કૌશલ્યમાં તેમને વિશ્વાસ છે. દરિયાને પારખવાની ત્રેવડ તેમનામા છે. તેઓ આકાશી વાદળો જોઈને તોફાનની આગમવાણી કરી શકે છે. જમીન પરથી આવતા પવનો પારખી જમીન દરિયાથી કેટલી દૂર છે તે નક્કી કરવાનું સામર્થ્ય તેમનામા છે. સેંટિયાગો અને તેના બે ઘરડાં મિત્રો આ બીજાં જૂથના માછીમારો છે. જો કે આપણાં સેંટિયાગોને પૈસામાં રસ નથી એવું નથી. એ લોટરી ખરીદીને પૈસાદાર થવાના સપના તો જુએ જ છે. માછલીનો શિકાર કરી લાવે ત્યારે તેનું માંસ ચાખી તેના કેટલા પૈસા ઉપજશે તેની ગણતરી પણ કરી લે છે. તેને બીજાં માછીમારોથી અલગ પાડતું પરિબળ પ્રકૃતિ તરફના સંભાવનું છે. તે દરિયાનું સૌંદર્ય માણે છે. માછલીનો શિકાર કરતી વખતે તેની સાથે તે સંવાદ પણ કરી લે છે. ટૂંકમાં સેંટિયાગો આવો 'salano'-મુફલિસ –ધૂની છે.

(૨)

આ વાત અર્નેસ્ટ હેમિંગ્વે કૃત ‘ધ ઓલ્ડ મેન એન્ડ ધ સી’ની છે.

(૩)

સાહિત્યનાં બે પક્ષ. એક કૃતિ અને બીજો સિધ્ધાંત.એકથી વધુ શક્યતા આ બંને વચ્ચે સંભવે. પહેલાં સિધ્ધાંત રચાય અને તેનાં ઉપરથી કૃતિની રચના થાય. બીજું કૃતિ અને સિધ્ધાંત સામંતરે ચાલે અને ત્રીજું કૃતિમાથી સિધ્ધાંત ઉપસી આવે. આ લખનારને મતે પહેલી પરિસ્થિતી સહેજ જોખમી.- સર્જનને હઠાગ્રહી બનાવી ડે તેવી જે લગભગ કોઈ સર્જકને માન્ય ન હોય.બીજી અને ત્રીજી શક્યતા વધુ ઇષ્ટ ગણાય. અર્નેસ્ટ હેમિંગ્વે કૃત ‘ધ ઓલ્ડ મેન એન્ડ ધ સી’ની વાત આ બે શક્યતાને લક્ષમાં રાખીને કરવા ધારી છે.

(૪)

કથાની શરૂઆતમાં છોકરો મેનોલીન સેંટિયાગો પાસે આવે છે. છોકરાને સેંટિયાગો પ્રત્યે માન છે. લાગણી છે તેથી દરરોજ સવારે તેની કાળજી લેવા આવે છે. સેંટિયાગોની મજાક કોઈ કરે તે પણ તેને ગમતું નથી. બંને પોતાને ગમતી બેઝબોલની રમતમાં કઈ ટીમ જીતી એની ચર્ચા કરે છે.બાઈઝબોલના પોતાને ગમતા ખેલાડીના સંઘર્ષની વાત કરે છે જેણે એક હાથે ટીમને જીતાડી છે. સેંટિયાગો તે દરરોજ દરિયામાં જઇ ખાલી હાથે પાછો ફરે છે. છોકરો મેનોલીન પણ તેની સાથે જતો હોય છે. હવે તેનાં માબાપે સેંટિયાગો સાથે જવાની ના પાડી છે. યુવાનો સેંટિયાગોની મજાક ઉડાવે છે. આ વાત થોડી આત્મકથનાત્મક પણ છે.

(૫)

ઇ.સ.૧૯૪૦ થી ૧૯૫૦ એટ્લે કે ૧૦ વરસ સુધી હેમિંગ્વે એક પણ નવલકથા લખી શક્યા ન હતા. ૧૯૫૦માં ‘એ ક્રોસ ધ રીવર એન્ડ ઇન ટુ ધ ટ્રીઝ’ લખી પણ ઝાઝી વખણાઈ ન હતી. એ સામના ક્રીટીક્સ આ બાબતે સેંટિયાગો -સોરી-હેમિંગ્વેની મજાક ઉડાવતા.

(૬)

- તો, સેંટિયાગોને ૮૪ દિવસથી માછલી નથી મળી. ૪૦દિવસ સુધી છોકરો મેનોલીન સાથે રહ્યો છે. ૮૫માં દિવસે સૂર્યોદય પહેલાં સેંટિયાગો ખેપ પર નીકળે છે ત્યારે તેને બીજી ત્રણ બોટ દેખાય છે,

ISSN : 2321- 4708
July 2019, Year - 3 (39)
Paper ID : RRJ000047

આકાશમાં તારા દેખાય છે. શિકાર આરંભાયચે. હૂક પર મારણ તરીકે 'સારડીના' માછલી ભરાવેલી છે. ઊંડાઈ માપક યંત્રની મદદથી થોડાં થોડાં અંતરે ત્રણ હૂક રાખ્યા છે. કદાવર માર્લિન માછલીના ગળામાં હૂક ફસાય છે.આવું પહેલી વાર બન્યું છે કે એ એકલો છે અને મોટી માછલી પકડાઈ છે.જમીન દેખાતી નથી. ત્રણ દિવસ સંઘર્ષ ચાલે છે. બોટને માછલી ફેરવે છે. હારપુનથી માછલીને મારે છે. બોટ સાથે બાંધી રાખે છે. બીજી મેકો માછલી હુમલો કરે છે અને ૪૦ પાઉન્ડ જેટલું માંસ ખેંચી જાય છે. (બીજી વખત ૪૦નો આંકડો ) બીજી શાર્ક હુમલો કરે છે અને હારપુન પણ જાય છે. હવે કશું હથિયાર નથી. હલેસા પર પટ્ટો બાંધી કામચલાઉ હથિયાર બનાવે છે. એ પણ માછલીઓ તોડી નાખે છે. હવે કેવળ બે હાથ. પ્રતિકાર માટે કોઈશસ્ત્ર નથી.માછલી સહિસલામત કિનારે પહોંચે એ માટે ૧૦ મંત્રોની માનતા માને છે. સંઘર્ષ તીવ્ર બંતા ૧૦૦ મંત્ર સુધી માનતા પહોંચે છે. માછલીઓ બધુ ખાઈ જાય છે. મધરાતે જ્યારે ગામ સૂતું છે ત્યારેકીનારે પહોંચે છે. છેલ્લે માછલીનું હાડપિંજર કિનારે જ રહેવા દઈને શઢ ખભે નાખી પડતો આખડતો ઘરે પહોંચે છે. સવારે મેનોલીન ઘરે આવે છે અને તેની હાલત જોઈ રડી પડે છે. તેનાં માટે છાપું- કોફી-બીયર –જમવાનું લઈ આવે છે. બપોરે સેંટિયાગો ઉઠી માછલીનું માથું બંને ઘરડા મિત્રોને આપવાનું કહી ભલો તેને આપે છે. મેનોલીન તેને ફરી ખેપમાં આવવાનું વચન આપે છે. અંતે સેંટિયાગો ફરી સૂતો સૂતો આફ્રિકન સિંહનું –યુવાવસ્થાનું સ્વપ્ન જુએ છે. તેની મજાક ઉડાવનારા અઢાર ફૂટની માછલીનું હાડપિંજર જોઈ આશ્ચર્ય અનુભવે છે, ભોંઠા પડે છે.

(૭)

શું આ એક સાહસિક સાગરખેડુની જ કથા છે?

(૮)

ના. હેમિંગ્વેની આ કૃતિ જીવનચક્રની, માનવઅસ્તિત્વના હોવાની પાયાની મીમાંસા રચતી પ્રશિષ્ટ કૃતિ છે. અત્યંત સરળ લાગતી આ કૃતિમાં પ્રકૃતિ સાથેની સંઘર્ષ – સંવાદ રચાયો છે.માનવનો વૈયક્તિક ,અસ્તિત્વમૂલક સંઘર્ષ, તેની વિફળતા અને વિફળતાનો સહજ સ્વીકાર જ તેનાં હોવાનું, સાચા મૂલ્યનું સ્થાપન કરનાર બની રહે છે. આખી કથામાં નિહિત ખ્રિસ્તી ધર્મ – પરંપરાના સંદર્ભો અને માનવનો વૈયક્તિક અસ્તિત્વમુલક સંઘર્ષ ,આ બે પરિમાણો વીસમી સદીના મનુષ્યની એક જુદી જ દાર્શનિક મુદ્રા ઉપસાવી જાય છે. એક સર્જક આખી પરંપરાની વિફળતા અને મનુષ્યના વૈયક્તિક સંઘર્ષનું મૂલ્ય કેટલી સુંદર રીતે,સહેજ પણ મુખર થયા વિના સહજતાથી સ્થાપી આપે છે!!! આ કથામાં બનતી ઘટનાઓ,

ISSN : 2321- 4708
July 2019, Year - 3 (39)
Paper ID : RRJ000047

પાત્રો,અને પરિસ્થિતિમાં આખી સાંસ્કૃતિક-ધાર્મિક પરંપરાઓ કેટલી સહજરીતે ગોઠવાઈ છે અને તે કૃતિને જુદીજ ભૂમિકા તરફ લઈ જવામાં મદદરૂપ કઈ રીતે થાય છે તે જોઈએ.

(૯)

સૌથી પહેલા બે વખત આવતો ૪૦ નો આંકડો. એક વખત કથાના આરંભે જ્યારે સેંટિયાગો સાથે છોકરો મેનોલીન ૪૦ દિવસ સાથે આવે છે અને માછલી મળતી નથી અને બીજી વખત એકલો માર્લિનને મારે છે અને બીજી મેકો માછલી ૪૦ પાઉન્ડ માંસ ખેચી જાય છે. ખ્રિસ્તી ધર્મમાં ઇસુ ખ્રિસ્ત ગુફામાં જઇ ૪૦ દિવસ તપ કરે છે. તેના પહેલા મોઝીઝ (મૂળ યહૂદી ક્રાઈસ્ટ) જે યહૂદી હોઇ ,યહુદીઓ સારી રીતે કેમ જીવન જીવે તે માટે સિનાઈ પર્વતની ગુફામાં જઇ ૪૦ દિવસ તપ કર્યું હતું. ભગવાને પથ્થરના ટુકડા પર ૧૦ આજ્ઞા આપી તે લઈ પાછા આવ્યા ત્યારે યહુદીઓને સોનાના વાછરડાની પૂજા કરતાં જોઈ ગુસ્સે થયેલા. ભગવાને શ્રાપ આપ્યો તેનું પ્રાયશ્ચિત પણ બીજા ૪૦ દિવસ તપ કરીને કર્યું. પરંપરામાં આ ૪૦ દિવસો શ્રધ્ધાના વિજયના છે. જ્યારે અહી આ ૪૦ દિવસો વિફળતાના છે. માછલી નથી મળતી...શ્રધ્ધા,ધૈર્ય ખૂટી જાય છે. કશું સાથે આવતું નથી એકલા જ નિકલવાનું છે. જાતે જ સંઘર્ષ કરવાનો છે.

ક્રાઈસ્ટના જન્મ સાથે ત્રાણ વૃધ્ધોએ ક્રાઈસ્ટના દર્શન કરેલા અને તેમણે તારાએ માર્ગ બતાવેલો. અહીં પણ સેંટિયાગો ૮૫માં દિવસે નીકળે છે ત્યારે બીજી ત્રણ બોટ દેખાય છે અને આકાશમાં તારા ચમકતા તે જુએ છે.

બાઈબલમાં જોબ નામના વ્યક્તિને પ્રશ્ન થાય છે કે પ્રમાણિક માણસ,શ્રમ કરનાર માણસ કેમ દુખી છે?આ તો બાઇબલ છે એટ્લે વાત જરા જુદી મુકાય.તેમાં આ બધુ શેતાન કરાવે છે.જોબ ઈશ્વરને કેટલો વફાદાર છે તેનું પારખું કરવા શેતાન એના જીવનમાં દૂ:ખ મોકલે છે.બાઈબલમાં એમ છે કે ભગવાનને જોબ પર ગર્વ છે અને શેતાન પરીક્ષાનું કહે છે. ભગવાનના જ પડકાર ફેંકે છે શેતાનને. અહીં સેંટિયાગો ને પણ પ્રશ્નો થાય છે. અહીં કોઈ શેતાને કરેલી પરીક્ષા નથી...શેતાને મોકલેલા દૂ:ખો નથી.જ્યારે માછલી સાથે સંઘર્ષ ચાલતો હોય છે ત્યારે એક પક્ષી એની બોટ પર આવીને બેસે છે. ક્યાય જમીન નથી. માછલી જોર કરે એટ્લે ઊડે છે. મૂળ વિના, જમીન વિના ઉડતા પક્ષીઓને જોઈને નિયતિની ક્રૂરતા વિષે સેંટિયાગોને પ્રશ્નો થાય છે. આ પ્રશ્ન શાશ્વત છે. પક્ષી સેંટિયાગો છે,આપણે સૌ છીએ. વળી જે પ્રશ્ન બાઇબલમાં જોબને થાય છે એ જ પ્રશ્ન સેંટિયાગોને પણ થાય છે કે પોતે ઊંડે સુધી જાળ નાખે છે અને ભાગ્યે જ સફળ થાય છે.એની સામે દરિયામાં ઊંડે સુધી જાળ ન નાખતા હોય તેવા માછીમારો ઘણી માછલી પકડી શકે છે.

ISSN : 2321- 4708
July 2019, Year - 3 (39)
Paper ID : RRJ000047

સેંટિયાગોને સવાલ એ છે કે મારી સાથે જ કેમ આવું થાય છે. બાઈબલનો,જોબનો પ્રશ્ન સલામત ઉત્તર આપે જ્યારે સેંટિયાગોના પ્રશ્નનો,વીસમી સદીના માનવને થતાં પ્રશ્નનો કોઈ ઉત્તર નથી.

આ કથાના પાત્રોના નામ પણ અનેક સંદર્ભો ધરાવે છે. સેંટિયાગોનું પોતાનું નામ પણ માછીમાર એવા સેઇન્ટ જેમ્સનું અપભ્રંશ છે. વળી પેલા બે ઘરડા માછીમારો કે જેને સેંટિયાગો પ્રત્યે લાગણી છે તે બંને નામ ક્રાઈસ્ટના બાર શિષ્યો કે જેમને ક્રાઈસ્ટના મૃત્યુ પછી ખ્રિસ્તી ધર્મના પ્રચાર-પ્રસારની જવાબદારી સોપાઈ છે તેમના એક સેઇન્ટ પીટરનું  સ્પેનિશ અપભ્રંશ નામ પેરિક્કો-પેડ્રીક્કો છે. આ સેઇન્ટ પીટર મૃત્યુ પછી સ્વર્ગ કે નર્ક એ નક્કી કરનારા સંત મનાય છે. અહીં તો તે બંને સેંટિયાગો પ્રત્યે કેવળ સહાનુભૂતિ જ ધરાવી શકે છે. કોઈ દેવના-સંતના હાથમાં હવે કશું નથી...છેલ્લે, માછલીનું હાડપિંજર જ કિનારે પહોંચ્યું છે. મધરાત હોય કોઈ મદદ કરનાર નથી. પોતાના વહાણનો લાકડાનો સઢ ખભે નાખી નીકળતો સેંટિયાગો જીસસ ક્રાઈસ્ટની યાદ અપાવે છે. કોઈ આવતું જ નથી, પોતાનો ભાર મનુષ્યે જાતે જ ઉપાડવાનો રહે છે.

(૧૦)

આ બધા ધાર્મિક –સાંસ્કૃતિક સંદર્ભો અને એની સામે માનવનો સંઘર્ષ આ કથાને શાશ્વતી આપે છે અને તેને માત્ર વીસમી સદીની જ નહીં પરંતુ સર્વકાલીન પ્રશિષ્ટ કૃતિ સિદ્ધ કરે છે